અપીલ અરજી નં.૨૮૩ તા.૭–૧૨ –૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી કાશીનાથ જર્નાદન સીવાસને
સામાવાળાઃ– ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કાશીનાથ જર્નાદન સીવાસનેની આઈ ડી નં.૨૯૮ તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૦ (અડાજણ) ફા.પ્લોટ નં.૪૯ પૈકી કાવસજીનગર બી–૧૮ માં મકાન માલિક શ્રી રણજીતભાઈ બી. ટેલર ધ્વારા મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કરવામાં આવેલ બાંધકામની વિગત.(૧) દરેક ફલોર પર મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કેટલું બાંધકામ કરવામાં આવેલ છે. (૨) વધારાના કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામથી એફ.એસ.આઈ કેટલો વધી જાય છે તથા ગેરકાયદેસર બાંધકામ બાબતે કરેલી અરજીઓ અંગેની મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબત.
**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૨૮૩/૨૦૧૦–૧૧

શ્રી કાશીનાથ જર્નાદન સીવસેનાની આઈ ડી નં.૨૯૮ તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૦ (અડાજણ) ફા.પ્લોટ નં.૪૯ પૈકી કાવસજીનગર બી–૧૮ માં મકાન માલિક શ્રી રણજીતભાઈ બી. ટેલર ધ્વારા મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કરવામાં આવેલ બાંધકામ ની વિગત.(૧) દરેક ફલોર પર મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કેટલું બાંધકામ કરવામાં આવેલ છે. (૨) વધારાના કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામથી એફ.એસ.આઈ કેટલો વધી જાય છે તથા ગેરકાયદેસર બાંધકામ બાબતે કરેલી અરજીઓ અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવા બાબતે પત્ર નં.વેસ્ટ/આરટીઆઈ/આ.નં.૪૯૭ તા.૧૦–૧૧–૧૦ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૦૭૯ તા.૨૨–૧૨–૧૦ થી ઈ.ચા.ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૪૦ તા.૫–૧–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગેનો પત્ર નં.વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૪૯૭ તા.૧૦–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી ટીપી સ્કીમ નં.૧૦ (અડાજણ) ફા.પ્લોટ નં.૪૯ પૈકી કાવસજીનગર બી–૧૮ માં મકાન માલિક શ્રી રણજીતભાઈ બી. ટેલર ધ્વારા મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કરવામાં આવેલ બાંધકામ ની વિગત. અંગે મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/૪૯૭ તા.૧૦–૧૧–૧૦ થી અરજદારને માહિતી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે આપવામાં આવેલ માહિતીથી સંતોષ નથી તેવું જણાવી તા.૭–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે તા.૨૭–૫–૦૯ થી ગેરકાયદેસર બાંધકામ અંગે પ્રથમ અરજી કરવામાં આવેલ. પરંતુ તે બાબતે તપાસ કરી અહેવાલ સાદર કરવામાં આવેલ જણાતો નથી. ત્યાર બાદ તા.૨૧–૯–૧૦ ની છેલ્લી અરજી કરવામાં આવેલ. જે બાબતે અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૩ માં માહિતી આપવામાં આવેલ છે. જેમાં (૧) દરેક ફલોર પર મંજુર થયેલ પ્લાન વિરુધ્ધ કેટલું બાંધકામ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતાં ઝોન કચેરીના રેકર્ડ ઉપર કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૨) વધારાના કરવામાં આવેલ ગેરકાયદેસર બાંધકામથી એફ.એસ.આઈ કેટલો વધી જાય છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરવામાં આવતાં ઝોન કચેરીના રેકર્ડ ઉપર કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૩) વધારાનું ગેરકાયદેસર બાંધકામ દુર કરવા (૧) તા.૨૭–૫–૦૯(૨) તા.૩૦–૭–૧૦ (૩) તા.૨૬–૮–૧૦ (૪) તા.૨૧–૯–૧૦ અરજી કરેલ છે તે અંગે શું કાર્યવાહી કરવામાં આવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઝોન કચેરીએથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાની કોઈ માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. (૪) જો આજ દિન સુધી કાર્યવાહી કરવામાં આવી ન હોય તો હવે કયારે કરવામાં આવશે . તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટ હેઠળ ફકત ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની થાય છે. તેવું જણાવેલ છે.

અરજદારની તા.૨૭–૫–૦૯ અને તા.૨૧–૯–૧૦ ના રોજ ગેરકાયદેસર બાંધકમ બાબતે આપવામાં આવેલી અરજીની કાર્યવાહી બાબતેની છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ તેમના પ્રશ્ન બાબતે ઝોન કચેરીએથી કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોવાની કોઈ માહિતી ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે અને તે બાબતે માહિતી પૂરી

પાડવામાં આવેલ છે. વધુમાં અરજદારે આ કાર્યવાહી કયારે કરવામાં આવશે તે બાબતે પણ જાહેર માહિતી અધિકારીએ ઉપલબ્ધ રેકર્ડની માહિતી આપવાની રહે છે તેવું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારીની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારે તેમની અપીલ અરજીમાં ગેરકયદેસર બાંધકામ છુપાવવા તપાસ અહેવાલ સાદર કરેલ નથી તેવી ધારણા સહ રજૂઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૯–૧૦–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પુરી પાડેલ હોય અપીલ અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામા આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો તેમની આપેલ અરજીઓ તથા તેને આનુષાંગિક બાબત હેઠળના ઉપલબ્ધ દફતર અંગે જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય દિન–૭ માં મેળવી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ થી ઠરાવેલ ફી ભરપાઈ કરી તપાસણી કરવા સ્વતંત્ર છે.

તકરાર નિવારણની બાબત અંગે અરજદાર લાગત સત્તાધિકારીને અલગથી રજૂઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૧

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી કાશીનાથ જર્નાદન સીવસેના